**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૦/૧૦/૨૦૧૭ મંગળવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૦૪૪/૧૭**

## બાઇક તથા એક્ટીવાના મુદ્દામાલ સાથે બે ઇસમોની ધરપકડ કરી વણશોધાયેલ ચોરીના બે ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેરએસઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચના મુજબ એસ.ઓ.જી. ક્રાઇમને લગતા હેડની કામગીરી કરવા તથા મિલકત સબંધી બનેલ ગુનાઓશોધી કાઢવા તથા બનતા ગુના અટકાવવા સુચના કરેલ જે અનુસંધાને એસ.ઓ.જી.ના પો.સ.ઇ.શ્રીજે.કે.રાઠોડ તથા પોસઇ શ્રી એન.એન.રબારીનાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી દરમ્યાન હે.કો.ફીરોજખાન નસરૂદ્દીન તથા પો.કો.જયેશભાઇ વાસીભાઇ નાઓએ આપેલ સંયુક્ત બાતમી હકીકત આધારે વોચ તપાસ કરી રામોલ ચાર રસ્તા જાહેર રોડ ઉપરથી આરોપીઓ(૧) સચિન કુલજીભાઇ પરમાર ઉવ.૨૬ ધંધોઃનોકરી રહે, ડી/૪૦૧, માતુવાટીકા ફ્લેટ હાથીજણ સર્કલની બાજુમાં, રીંગ રોડ, હાથીજણ, અમદાવાદ (૨) દિક્ષીત નીતીનકુમાર વાઘેલા ઉવ.૨૮ ધંધોઃનોકરી રહે, બી/૫/૨૪, ગોકુલ ગેલેક્ષી, કઠવાડા તળાવની સામે, તા.દસક્રોઇ, જી.અમદાવાદ નાઓને એક પલ્સર મો.સા. તથા એક્ટીવા સાથે ઝડપી લેવામાં આવેલ જે બંન્ને આરોપીઓની પુછપરછ કરતાં આરોપી સચિને આજથી આશરે નવ મહીના અગાઉ બરોડા ગયેલ અને બરોડા વૃદ્દાવન ટાઉનશીપ ખાતે એક એક્ટીવા પાર્કીંગમાં પડેલ જેનું લોક ખોલી એક્ટીવાની ચોરી કરેલ અને આ બંન્ને જણાંએ આજથી પંદરેક દિવસ અગાઉ વસાણી પાર્ટી પ્લોટની બહાર પાર્કીંગમાં એક પલ્સર બાઇક પડેલ હોય જેનું લોક તોડી ચોરી કરેલાની હકીકત જણાવેલ. જેથી આ બાબતે તપાસ કરાવતાં (૧) નીકોલ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૯૦/૧૭ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબ (૨) વડોદરા શહેર વારસીયા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૪/૨૦૧૭ ઇપીકો કલમ ૩૭૯ મુજબના ગુના દાખલ થયેલ હોય પલ્સર બાઇક કિ.રૂ.૪૦,૦૦૦/- તથા એક્ટીવા કિ.રૂ.૨૦,૦૦૦/- નો મુદ્દામાલા સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી સદરી ઇસમોને આજરોજ તા.૧૦/૧૦/૨૦૧૭ ના રોજ સીઆરપીસી કલમ ૪૧ (૧) ડી મુજબ પકડી અટક કરી આગળની કાર્યવાહી સારુ નીકોલ પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

અમરાઈવાડી પોલીસ સ્ટેશનઃ-

મે.પો.ક.શ્રી કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના ફરમાન મુજબ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીઝનનાઓના તરફથી મળેલ સુચના આધારે અને અમરાઈવાડી પો.સ્ટે સી.પી.ઈન્સ શ્રી ઓ.એમ.દેસાઈ સાહેબના માર્ગદર્શન હેઠળ તા:-૦૯/૧૦/૨૦૧૭ ના રોજ સર્વે સ્કોડના પો.કો વિજયભાઈ અજમલભાઈ તથા પો.કો દશરથભાઈ મોહનભાઈ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે પો.સ.ઈ એમ.જી.સોલંકી તથા સર્વે સ્કોડના સ્ટાફના માણસો સાથે બળીયાદેવનાં મંદીર પાસે બળીવાસ અમરાઈવાડી અમદાવાદ ખાતે આરોપી ભાવેશભાઈ રાયમલભાઈ દેસાઈના મકાનના ઉપરના માળે જુગાર રમતા નં.(૧)ભાવેશભાઈ રાયમલભાઈ દેસાઈ ઉવ:૩૨ રહે:બળીયાદેવના મંદીર પાસે બળીયાવાસ અમરાઈવાડી અમદાવાદ શહેર તથા નં.(૨)મહેન્દ્રભાઈ કાંતીલાલ શાહ ઉવ:૬૪ રહે:મ.નં.૫૦૫ નંદનવન એપાર્ટમેન્ટ નારોલ લાંભા રોડ ન્યુ મણીનગર અમદાવાદ શહેર તથા નં.(૩)બીપીન સવાજી સોલંકી ઉવ:૫૭ રહે:૧૮૫૮ પાડાની પોળ જૈન અપાશ્રયની બાજુમાં ખાડીયા અમદાવાદ શહેર તથા નં.(૪)અશ્વીનભાઈ શંકરલાલ ઠક્કર ઉવ:૫૬ રહે:સી/૬૦૪ હીરાભાઈ ટાવર ફ્લેટની અંદર કર્ણાવતી દાબેલીની સામે ખોખરા અમદાવાદ શહેર તથા નં.(૫)સલીમભાઈ ઈસ્માઈલભાઈ છીપા ઉવ:૫૬ રહે:૬૮૭ હરીજનવાસ ત્રીકમજીના મંદીર સામે આસ્ટોડીયા મંદીર સામે અમદાવાદ શહેર તથા નં.(૬)ગણપતભાઈ વીરાભાઈ પરમાર ઉવ:૫૬ રહે:૧૦૫૦/૯ માણેકપુરાની ચાલી ગીતામંદીર રોડ જલારામ કોમ્પ્લેક્ષ ની સામે અમદાવાદ શહેર તથા નં.(૭)ગણેશ વામનરાવ ગાયકવાડ ઉવ:૫૬ રહે:૬ ગુરૂકુપાનગર ભાર્ગવરોડ બંગલા એરીયા કુબેરનગર અમદાવાદ શહેર તથા નં.(૮)કીરીટ બચુભાઈ ચુનારા ઉવ:૪૦ રહે:૬૯૧ રૂઘનાથ પુરાની પીઠ રાયપુર દરવાજા બહાર કાકરીયા રોડ અમદાવાદ શહેર તથા નં.(૯)અમીતભાઈ જયંતીભાઈ ખત્રી ઉવ:૩૩ રહે:૨ પુનમપાર્ક આર.ટીઓ.રોડ વસ્ત્રાલ રામોલ અમદાવાદ શહેર તથા નં.(૧૦)પરેશભાઈ રામબાબુ પાલ ઉવ:૪૨ રહે:૨૭ આત્મારામ જેસીંગની ચાલી શારદા સ્કુલની સામે ઓમનગર ચમનપુરા અમદાવાદ શહેર તથા નં.(૧૧)નાનજીભાઈ ઉર્ફે અશોકભાઈ રણછોડભાઈ પરમાર ઉવ:૫૭ રહે:જક્સીરબારીની ચાલી જોગેશ્વરી રોડ અમરાઈવાડી અમદાવાદ શહેર તથા નં.(૧૨)અંબાલાલ વેલજીભાઈ ચૌધરી ઉવ:૪૭ રહે:ધુપસીંગની ચાલી ઓમનગર ચમનપુરા અમદાવાદ શહેર તથા નં.(૧૩)બટુકભાઈ છગનભાઈ પરમાર ઉવ:૫૨ રહે:શાકારબારીની ચાલી જોગેશ્વરી રોડ અમરાઈવાડી અમદાવાદ શહેર તથા નં.(૧૪)ચતુરભાઈ હીરાભાઈ પરમાર ઉવ:૬૨ રહે:બી/૨૬ પ્રીતમપાર્ક જોગેશ્વરી રોડ અમરાઈવાડી અમદાવાદ શહેર તથા નં.(૧૫)રસીકલાલ જીવણલાલ શાહ ઉવ:૬૪ રહે:એ/૧૦૬ ગાયત્રી સોસાયટી સૈજપુર બોઘા એસ.જી પ્રજાપતી સોસાયટીની બાજુમાં નરોડા અમદાવાદ શહેર નાઓ રોકડા નાંણા રૂપીયા ૧૦૯૬૦/- તથા ગંજી પાના નંગ:૧૦૪ તથા અલગ અલગ કંપની ના મોબાઈલ ફોન નંગ:૯ કીમત રૂપીયા ૪૫૦૦/- તથા કોઈન નંગ:૧૩૬ મળી કુલ્લે રૂપીયા ૧૫૪૬૦/- ની ના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઈ ગયેલ હોઈ તેઓના વિરુધ્ધમાં ધી જુગાર ધારા કલમ ૪,૫ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.જે બાબતે અમરાઈવાડી પો.સ્ટેશન સે.ગુ.ર.નં.૩૧૩૩/૧૭ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે.

મે.પો.ક.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ ઉપરી અધીકારીઓશ્રી ની સુચના મુજમ તેમજ પોલીસ ઈન્સપેક્ટર શ્રી ઓ.એમ.દેસાઈ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તા:-૨૩/૦૯/૨૦૧૭ ના રોજ સર્વે સ્કોડના એ.એસ.આઈ રતીલાલ કરશનભાઈ બ.નં.૭૩૭૭ તથા સ્ટાફના માણસો સાથે દારૂ જુગારની પ્રવુતી અટકાવવા સારૂ પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો કનુભાઈ બાબુભાઈ તથા પો.કો ભરતભાઈ મુળજીભાઈ નાઓની સંયુક્ત બાતમી આધારે નેશનલ હેન્ડલુમ સામે જાહેરમાં આરોપી નં.૧ અજય ગણેશભાઈ ભીલ ઉવ:૨૩ તથા નં.૨ અર્જુન કીશોરભાઈ ભીલ ઉવ:૨૦ બન્ને રહે:પઠાણની ચાલી ભીલસોસાયટી અમરાઈવાડી અમદાવાદ શહેર નાઓને વગર પાસ પરમીટે પોતાની કબજાની સી.એન.જી. ઓટો રીક્ષા નંબર જીજે.૦૧.ટીએ.૮૩૧૧ માં દેશી દારૂ ૨૭ લીટર મળી કુલ્લે રૂપીયા ૪૦૫૪૦/- ના મુદ્દામાલ સાથે પકડી તેઓના વિરુધ્ધમાં ધી પ્રોહી કલમ ૬૬(બી),૬૫(ઈ),૮૧,૯૮(૨) તથા એમ.વી.એક્ટ કલમ ૩(૧૮૧) મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.જે બાબતે અમરાઈવાડી પો.સ્ટેશન પ્રોહી.ગુ.ર.નં.૫૩૯૨/૧૭ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે.

## જુગારનો ગણનાપાત્ર કેશ

આજરોજ નારોજ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જી' ડીવીઝન નાઓની સુચનાથી સીનીયર પો.ઇન્સ શ્રી એચ.બી ઝાલા તથા સ્ટાફના પો.સ.ઇ પી.જે.ખરસાણ તથા હે.કો. રમેશસિંહ કાળૂસિંહ બ.ન. ૯૪૨૧ તથા પો.કો કીપાલસિંહ અનવરસિંહ બ.ન. ૨૭૯૨ તથા પો.કો હાવેશભાઇ ખોડાભાઇ બનં ૪૯૩૦ તથા પો.કો જીતુભાઇ અળખાભાઇ બ.ન. ૨૫૪૦ તથા પોકો દિનેશભાઇ સાગરભાઇ બ.નં ૨૯૮૨ તથા પોકો પ્રદીપ કુમાર રામાભાઇ બ.નં ૨૮૫૫ તથા બીજા સ્ટાફ ના માણસો સાથે સરદારનગર પો.સ્ટે વિસ્તાર માં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન કલાક ૧૨/૧૫ વાગે કુબેરનગર રેલ્વે ક્રોસીંગ પાસે આવતા અમોને બાતમી હકીકત મળેલ કે સંતોષીનગરના છાપરામાં આવેલ સાતબાઇ મંદીરની આગળ આવેલ ખુલ્લી જગ્યામા સુધીર નામનો ઇસમ કેટલાક ઇસમો બોલાવી પોતાના અંગત ફાયદા સારુ હાર જીતનો જન્ના મન્ના નો જુગાર રમી રમાડે છે. જે હકીકત આધારે બે પંચોના માણસો સાથે રેડ કરતા કેટલાક માણસો જુગાર રમતા હતા. જેઓના નામ ઠામ પુછતા (૧) પ્રમોદભાઇ સ/ઓ રાજેશભાઇ અલ્લુભાઇ તમંચે ઉવ:૩૫ રહે, રાજધાનીની ચાલી છારાનગર કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર + ૫ નાઓને પકડી તથા રેડ દરમ્યાન ભાગીજનાર (વોંન્ટેડ) આરોપી સુધીર જેલીયા તમંચે સાથે મળી કુલ્લે- ૬, આરોપીઓ સાથે કુલ્લે રૂપીયા ૭૦૯૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.